# અરવલ્લી જિલ્લામાં અફવાઓ ફેલાવનાર ૪ શખ્સોની ધરપકડ

## ધનસુરાના રમોસ ગામે વાહન અકસ્માતમાં યુવાનના મોતને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ

વડાગામ, તા. ૧૩

ગુજરાત રાજ્યમાં ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ અને ખેડા જિલ્લામાં અફવાઓએ આતંક પ્રસરાવ્યો હતો. અરવલ્લી જિલ્લાના ધનસુરાના રમોસ ગામે ખેતમજૂર શનિવારે રાત્રે ધનસુરા ગામમાં ભૂમિપુત્રનું ટ્રેક્ટર લઈને પાન-પડીકી ખાવા નિકળ્યા હતા. ત્યારે ટ્રેક્ટરના આગળના ભાગની સીટમાં બેઠેલા ૫ શખ્સો પૈકીનો એક યુવાન રવિભાઈ ત્રિભોવનદાસ બારીયાએ સંતુલન યુવાન પર ધાડપાડુઓએ હૂમલો કરી મારી નાખ્યો હોવાની અફવા ફેલાવી ગેરમાર્ગે દોરતાં અરવલ્લી જિલ્લાના પ્રજાજનોમાં ભય ફેલાયો હતો. પરંતુ ઘટનાસ્થળે પહોંચેલી ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. દેસાઈએ



(તસવીર : જય અમીન, મોડાસા)

તરીકે રહેતા ૪ શખ્સોએ પોતાના મિત્રનું ધનસુરા પાન પડીકી ખાવા જતા હતા ત્યારે ટ્રેક્ટરમાંથી પટકાતાં ટ્રેક્ટરના ટાયર ફરી વળતાં ઘટનાસ્થળે મૃત્યુ નિપજતાં ગભરાયેલા ૪ શખ્સોએ અફવાઓના માહોલ વચ્ચે પ્રજાજનો અને પોલીસને ગેરમાર્ગે દોરી ધાડપાડુઓએ હૂમલો કરી માર મારીને મૃત્યુ નિપજ્યુ હોવાનું રટણ કરી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી જિલ્લામાં અફવાઓનું વાતાવરણ પેદા કરવાના ગુન્હામાં ધનસુરા પોલીસે દબોચી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધા.

ધનસુરા તાલુકાના રમોસ ગામમાં અને તલોદ તાલુકાના રણાસણ ગામમાં ભૂમિપુત્રોના ત્યાં ખેતમજૂરી તરીકે પરિવાર સાથે રહેતા ૫ મિત્રો ગુમાવતાં ટ્રેક્ટરમાંથી નીચે પટકાયો હતો અને ટ્રેક્ટરના પાછળના મોટા વ્હીલ ફરી વળતાં યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજતાં સાથે રહેતા ૪ શખ્સો કુણાલભાઈ ચીમનભાઈ રાવળ (રહે. આજવા ચોકડી વડોદરા), અજય રમેશભાઈ બારીયા (રહે. મોટી આગરીલ, છોટાઉદેપુર) હાલ. બન્ને રહે મનહરભાઈ પ્રેમજીભાઈ પટેલ (રમોસ, ધનસુરા)ના ખેતરમાં, સુરેશભાઈ શંકરભાઈ નાયકા (રહે. વાલોકી, જી. વડોદરા), રાજુભાઈ જેસીંગભાઈ નાયકા (રહે. વાલોકી, જી. વડોદરા) હાલ બન્ને રહે. મહેન્દ્રસીંહ જી. રહેવર (રણાસણ તા. તલોદ)ના ખેતરમાં અચાનક મૃત્યુ નિપજતાં ગભરાઈ ગયા હતા અને ગામમાં આવીને બુમાબુમ કરી મૃતક યુવાનનું મોત પ્રાથમિક તારણો પરથી વાહન અકસ્માતમાં નિપજયાનું જણાતા ચારેય શખ્સોની કડકાઈપૂર્વક તપાસ હાથ ધરતાં પોપટની માફક આખી ઘટનાનું વર્ણન કરતાં યુવાનનું મોત અકસ્માતમાં નિપજ્યાનું સ્વીકાર્યુ હતું. ધનસુરા પોલીસે ૪ શખ્સો સામે જિલ્લામાં અફવાઓનો આતંક ફેલાવી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવાનો અને વાતાવરણની શાંતિ ડહોળવાનો અને ભયનું વાતાવરણ પેદા કરવાના ગુન્હા હેઠળ ધરપકડ કરી ચારેય આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. અરવલ્લી જિલ્લામાં યુવાનના મોતને સાચી હકીકત બહાર આવતા હાશકારો અનુભવ્યો હતો જ્યારે ચારેય શખ્સો સામે ફીટકાર વરસાવ્યો હતો.

# પ્રાંતિજમાં હજુ પણ અફવાઓનું બજાર ગરમ

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતના કેટલાય જિલ્લાઓમાં હવાઈ પડીકાંઓએ રંગ પકડ્યો છે ત્યારે અફવાઓના પડીકાઓથી લોકો પશુધન કે પરિવારની રક્ષા કરવા માટે રાત્રીના જાગરણ કરે છે. ત્યારે જેના સિરે જવાબદારી છે તે તંત્ર હાલ તો નિરાંતે નિંદ્રા લઈ રહ્યું છે તેમ જણાઈ આવે છે.

મળતી માહિતી મુજબ અફવાઓએ વેગ પકડ્યો છે ત્યારે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જનતાની નિદ્રા હરામ થઈ ગઈ છે. લોકો અફવાઓ એ રીતે ફેલાવે છે કે લોકો અફવાઓને સાચી સમજી સાંજ પડતાં ઘરની અંદરજ કેદ થઈ જાય છે. ત્યારે હાલ તો વદરાડ, ઘડકણ, રાસલોડ, ગલતેશ્વર, મજરા, ઉંછા વગેરે પ્રાંતિજ તથા તાલુકાઓમાં લોકો ઉંઘમાં પણ બુમબરાડા પાડે છે અને એ આવ્યો એ જોયો ત્યાં ચાર જણ છે તેવી વાહિયાત વાતોથી લોકોમાં ડર પેદા થાય છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ નાની ભાગોળ વિસ્તારમાં ચાર દિવસથી બોખ તથા રાવળ વાસમાં બુમબરાડા થતાં તંત્રનું કામ પાલિકા કોર્પોરેટર મનોજભાઈ મોદી તથા દિલિપભાઈ રાવળ તથા નિત્યાનંદભાઈ દ્વારા ગરીબ અને ભોળી પ્રજાને સમજાવી હતી કે આ તો બધી વાતો છે આવું કોઈ આવતું જ નથી ત્યારે જેના શિરે જવાબદારી છે તે તંત્ર કે પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ કે સાબરકાંઠા ડીએસપી દ્વારા આવા સમયે જનતાના હિત માટે મીટીંગો કે ગામડે ગામડે જઈ લોકોને જાગરૂત કરવામાં આવતાં નથી અને અફવાઓ વિષે કે અફવાઓ ફેલાવનાર ઉપર કોઈ પણ જાતની એક્શન લેવામાં આવતી નથી જ્યારે એક મહિનાથી ચાલતી અફવાઓની મોસમનો અંત આવતો નથી અને હજુ મેઘરાજા પણ રીસાઈને બેઠા છે ત્યારે વરસાદ નહી પડે તો કદાચ અફવાઓનો લાભ પણ ચોર ના લઈ જાય તે માટે સાબરકાંઠા ડીએસપી તથા પ્રાંતિજ પીઆઈ દ્વારા લોકહિત માટે લોક જાગૃતિ લાવવાનો સમય પાકી ગયો છે અને અફવાઓમાં માત્ર નિર્દોષ લોકો કે પાગલ કે મજૂરો લોકોના ગુસ્સાનો ભોગ બને છે ત્યારે તંત્ર ઉંઘમાંથી જાગી લોકોમાં જાગૃતિ લાવે તે જરૂરી બની ગયું છે.

# મહેસાણા જિલ્લાના અધિકારીઓ દ્વારા સરાહનીય પ્રયાસ

મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રી લોચન સેહરાના અધ્યક્ષસ્થાને મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંગેની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જે અંતર્ગત કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ દ્વારા જિલ્લાની મહિલાઓને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાની એક વર્ષની રક્ષાબંધન ભેટ આપવાનું નક્કી કરેલ છે. જિલ્લાનો દરેક અધિકારી સો જેટલી બહેનોનું પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અન્વયે એક વર્ષનું પ્રિમીયમ ભરી રક્ષાબંધનની ભેટ આપવાનું નક્કી કરેલ છે.

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં ૧૮ થી ૭૦ વર્ષની વ્યક્તિઓને રૂપિયા ૧૨ પ્રિમિયમ ભરવાથી બે લાખનું વીમા કવચ મળે છે. આ ઉપરાંત આશિંક વિકલાંગ અને અશક્તામાં રૂપિયા એક લાખ સુધીની રકમ મળે છે. મહેસાણા જિલ્લાના દરેક અધિકારી સો બહેનોને એક વર્ષનું વીમા કવચ આપી રક્ષાબંધનની ભેટ આપે તેવો સમુહમાં નિર્ણય કરાયો છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંધા, અધિક કલેક્ટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક વી.જે. રાજપૂત, મુખ્ય સરકારી વકીલ ચંદનસિંહ રાજપૂત સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં ભાજપનો જનસંપર્ક કાર્યક્રમ ચાલી રહ્યો છે. ત્યારે મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલે આ અભિયાનમાં જોડાયા હતા. સાંસદે અભિયાન અંતર્ગત નગરપાલિકાના વોર્ડ નં. ૪માં રૂબરૂ રહિશોની મુલાકાત લઈ કેન્દ્ર અને રાજ્ય સરકારની કામગીરી સંદર્ભે પ્રતિભાવો જાણ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



(તસવીર : અગરસિંહ ચૌહાણ, હરસોલી)

## દહેગામ તાલુકા કોર્ટમાં લોક અદાલત યોજાઈ

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને દહેગામ તાલુકા કાનૂની સેવા સમિતિના સહયોગથી દહેગામ કોર્ટ સંકુલમાં લોક અદાલત યોજાઈ હતી. દહેગામ ખાતે આયોજન લોક અદાલતમાં દહેગામ રૂરલ યુજીવીસીએલ રખિયાલ અને ચિલોડા-૨ના સબ ડીવીઝનના કુલ ૧૧૬ કેસોનો નિકાલ સ્થળ પર જ કરવામાં આવ્યો હતો. જેમાં ૩૯ પ્રિલીટીગેશનના કેસોની ૮૦,૩૨૦ જેટલી રકમ રીકવર કરવામાં આવી હતી. આ લોક અદાલતમાં જજ કે.જી. પટેલ, જજ આર.આર. પટેલ, જજ એમ. એ. પીપરાની, નાયબ કા.પા.ઈ. ભૂપતકર, કે.એલ. પરમાર, આર. જે. રાઠોડ વગેરે હાજર રહ્યા હતા.

# મહેળાવમાં શ્રી અંબાજી માતા શતાબ્દી મહોત્સવની બુધવારથી સપ્તાહની ઉજવણી

વલ્લભ વિદ્યાનગર, ૧૩

મહેળાવ ગામે ત્રિશૂળ સ્વરૂપિણી શ્રી અંબાજી માતાની સ્થાપનાને એક સો વર્ષ પૂરાં થઈ રહ્યાં હોવાના સંદર્ભમાં મહેળાવ ગામે બુધવાર, ૧૫-૦૭-૨૦૧૫ થી બુધવાર, ૨૨-૦૭-૨૦૧૫ સુધી વિવિધ પ્રકારના યજ્ઞો, જલાભિષેક, શોભાયાત્રા, પ્રભાતફેરી, વિષ્ણુયાગ, મહાપૂજા, ચૂંદડીમનોરથ, શ્રીલક્ષ્મીહવન, ત્રિશૂળ મહામસ્તકાભિષેક, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભજન-કિર્તન, દીપમાળા મહોત્સવ, ૧૧ કુંડી સહસ્ત્રચંડી યજ્ઞ જેવા કાર્યક્રમો દ્વારા શતાબ્દી મહોત્સવની ઉજવણી થશે.

આ ઉત્સવની પૂર્વ તૈયારીઓ છેલ્લા થોડા દિવસોથી થઈ ગઈ છે. ગામમાં સ્વચ્છતા ઝુંબેશ, સુશોભન, ઠેકઠેકાણે દરવાજા દ્વારા આવકાર, લાઈટિંગ વગેરે તો ઝળાંહળાં થઈ ગયાં છે. આ અંગેની આમંત્રણ પત્રિકાઓ વહેંચાઈ ગઈ છે. આ આધ્યાત્મિક મહોત્સવમાં સૌ કોઈ ભાવિકોને દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા આયોજક ભક્ત મંડળી તરફથી આમંત્રણ આપવમાં આવે છે.

વિશેષતા તો એ છે કે, સપ્તાહ દરમિયાન થનાર ખર્ચની રકમો વિવિધ સેવાઓ, મનોરથ દ્વારા માતાજી પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર ગામના જ દેશ-પરદેશના ભક્તજનોએ સ્વેચ્છાએ આપી દીધી છે. આ અંગે કોઈ જ લખણી કે ઉઘરાણી કરવામાં આવી નથી. ઉત્સવ પૂરી શ્રદ્ધાથી ઉજવાય અને સૌ કોઈને લાભ મળે તે હેતુથી 'માઈ મંડળ' ભક્તો રાત દિવસ કાર્યરત રહેતા જોવા મળે છે.

# પ્રાંતિજ પાસે ટ્રકની ટકકરે બાઈક સવાર મહિલાનું કરૂણ મોત

પ્રાંતિજ, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પિલુંદા તાલુકાના નેશનલ હાઈવે પીલુદા પાટીયા તથા પોંગલુ પાટીયા પાસે આઈશર નં. જીજે-૯-એવી



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પાટીયા પાસે આઈશર ચાલકે બાઈક ઉપર જઈ રહેલ પતિ-પત્ની ને હડફેટે લેતાં પત્નીનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું. જયારે પતિને પણ શરીરે ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના લીમડા ગામના રહેવાસી અને હાલ ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરતાં પડોર દશરથભાઈ સોમાભાઈ અને તેમના પત્ની પડોર જીવીબેન દશરથભાઈ બંને જણા પોતાના વતનેથી બિમાર દિકરીની ખબર કાઢી બાઈક ઉપર બંને જણાં ગાંધીનગર જઈ રહ્યા તે સમયે પ્રાંતિજ ૧૨૦૮ના ચાલક દ્વારા ફુલફાસ્ટ હંકારી લાવી બાઈક નં. જીજે-૧૮-એલ-૨૫૬૯ ને પાછળથી ટકકર મારતા પતિ પત્ની બંને બાઈક સાથે નીચે પડી ગયા હતાં જયારે પડોર જીવીબેન ઉ.વ. આશરે-૫૦ ઉપર આઈશરનું ટાયર શરીર ઉપર ફરી વળતા મહિલાના ટુકડે ટુકડા થઈ ગયા હતા અને માંસના લોંચા બહાર આવી જતાં ઘટના સ્થળે જ મહિલાનું કમકમાટી ભર્યુ મોત થયું હતું. જયારે બાઈક સવાર દશરથભાઈ ને પણ શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થતાં તેમને પણ ૧૦૮માં ઈમરજન્સી હિંમતનગર સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતા જયારે આઈશર ચાલક અકસ્માત કરી ભાગી ગયો હતો જયારે અકસ્માતના સમાચાર મળતાં જ પ્રાંતિજ પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક હળવો કર્યો હતો અને મૃતક મહિલાનો મૃતદેહ પ્રાંતિજ સામુહિક આરોગ્ય ખાતે ઓટો રીક્ષામાં લઈ જવામાં આવ્યો હતો જયારે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર મણીબેન પ્રતાપભાઈ પાડોર રહે. મોઢેરા અમદાવાદની ફરિયાદના આધારે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર આઈશર અને આઈશર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ધાનેરામાં સાથી હોટલમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ધાનેરા, તા. ૧૩

ધાનેરામાં દારૂની ખુલ્લેઆમ હાટડીઓ ચાલતાં આ અંગેની રજુઆત ગૃહમંત્રીને થતાં પોલીસ વડાના આદેશથી ધાનેરા પીએસઆઈ એસ.એમ. પટલે સાથી હોટલમાંથી વિદેશી દારૂની ૬૬ બાટલો ઝડપી પાડી હતી.

ધાનેરામાં છેલ્લા કેટલાય સમયથી દારૂની ઠેર ઠેર હાટડીઓ લાગી હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. અને આ બાબતે લોક દરબારમાં પણ દારૂના અડ્ડાઓ બંધ કરવાના બાબતે ધાનેરાના અગ્રણીઓએ રજુઆતો કરી હતી. પરંતુ થોડા સમય બંધ થયા બાદ ધાનેરા શહેરમાં ઠેર ઠેર દારૂનું વેચાણ વધતાં અગ્રણીઓએ લેખીતમાં ગૃહમંત્રી રજનીભાઈ પટેલે રજુઆત કરતાં પોલીસ હરકતમાં આવી ગઈ હતી અને પોલીસ વડાના આદેશથી ધાનેરા પીએસઆઈ એસ.એન. પટેલે ડીસા હાઈવે ઉપર આવેલ સાથી હોટલમાં રેઈડ કરતાં હોટલમાંથી વિવિધ માર્કાની વિદેશી દારૂની ૬૬ બોટલો મળી આવતાં બોટલો કબ્જે લીધી હતી. જ્યારે હોટલના સંચાલક મિતુલકુમાર હજારીમલ જાની સામે ગુનો દાખલ કરીને તજવીજ હાથ ધરી હતી. પરંતુ આરોપી ફરાર થઈ જતાં તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે ધાનેરા પી.આઈ. એસ.ડી. પટેલે જણાવ્યું હતું કે ધાનેરામાં દારૂ બાબતે પોલીસ અવારનવાર રેઈડ કરે છે અને પકડીએ છીએ પરંતુ લોકો પણ અમોને સપોટ આપે તો વધારે સારૂ રહે. જે લોકો દારૂ વેચતા હોય તે બાબતની જાણકારી પોલીસને આપે તો તેનું નામ પણ છુપુ રાખવામાં આવશે અને દારૂની વેપલો કરતા લોકોને પણ જેલના હવાલે કરી શકાશે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસા ખાતે ટાઉન પોલીસ અને લાયન્સ કલબ દ્વારા ઈફતાર પાર્ટી યોજાઈ

સમગ્ર વિશ્વમાં હાલ મુસ્લિમો પવિત્ર રમજાન માસમાં રોજા રાકીને અલ્લાહની ઈબાદતમાં મશગુલ રહેતા હોય છે. પવિત્ર રમજાન માસમાં મુસ્લિમો નમાજ અને ઝકાત તેમજ ખેરાત પણ અદા કરી પોતાનો હક અદા કરતા હોય છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કોમી એખલાસતા અને ભાઈચારાની લાગણી જળવાઈ રહે તે હેતુથી મોડાસા ટાઉન પી.આઈ. કે.જે. ચૌધરી અન તેમની ટીમે તેમજ લાયન્સ કલબ મોડાસા દ્વારા ટાઉનહોલ ખાતે ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક કીશોર બડોલીયા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ ચેમ્બર ઓફ કોમર્સ અને પ્રાર્થના સ્કુલના ટ્રસ્ટી કનુભાઈ, સુભાષભાઈ, નીલેષભાઈ જોષી તેમજ મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતાં.

## હાથરવામાં ખેડૂત ખેતરમાં શાકભાજી વિણવા ગયો ને ગઠિયો બાઈક લઈ રફુચક્કર

વડાલી તાલુકાના હાથરવા ગામના એક ખેડૂત શનિવારે પોતાનું બાઈક કૂવા ઉપર મુકી ખેતરમાં શાકભાજી વિણવા જતા તેનો ફાયદો ઉઠાવી એક લબરમુછીયો બાઈક લઈ ફરાર થઈ ગયો હતો. જેને પકડવા આસપાસના ખેતરોમાંથી ખેડૂતો ગયા હોવા છતાં તે છુમંતર થઈ જતા બાઈક ચોરી અંગેની લેખિત અરજી ખેડૂતે વડાલી પોલીસ સ્ટેશનમાં આપી હતી. વડાલી તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા હાથરવા ગામમાં રહેતા ધર્મેશભાઈ મહેન્દ્રભાઈ પટેલે શાકભાજીનું વાવેતર કર્યુ હોવાથી શનિવારે સવારે શાકભાજી ઉતારી શાકમાર્કેટમાં વેચવા જવાનું હોઈ બાઈક નં.જીજે.૯.સીજી.૦૩૪૪ લઈ ખેતરમાં ગયા હતા. જયાં બાઈક કૂવા ઉપર મુકી ખેતરમાં શાકભાજી વિણતા હતા. દરમિયાન અજાણ્યો લબરમુછીયો એક શખ્સ કૂવા ઉપર આવી બાઈક લઈ ભાગવા લાગ્યો હતો. જેથી બાજુના ખેતરોમાં કામ કરતા દિપકભાઈ પટેલ જોઈ જતા બૂમાબૂમ કરતા તેને પકડવા દોડયા હતા. પરંતુ લબરમુછીયો બાઈક લઈ ફરાર થઈ ગયો હતો.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦